# નિવાસી વ્યકિતગત રોકાણકારો માટે ફોરેન કરન્સી એકાઉન્ટસની નવી સુવિધા

**1 નવેમ્બર, 2002**

ભારતના નિવાસીને 2000 યુએસ ડોલર અથવા તેના જેટલી જ રોકડ અને / અથવા ટ્રાવેલર ચેકસ નીચેની શરતો મુજબ મેળવવાની પરવાનગી આપવામાં આવે છે.

(i) ભારતની બહારના સ્થળે કાર્ય કર્યાનું મહેનતાણું મળ્યું હોય

(ii) ભારતીય ન હોય તેવી વ્યકિત ભારતની મુલાકાતે આવી હોય અને કાનૂની જવાબદારીના ભાગરૂપે સેટલમેન્ટ હોય.

(iii) ભારત બહાર ગયા હોય ત્યારે માનદ્ વેતન કે ભેટ મળી હોય

(iv) વિદેશ પ્રવાસ વખતે સત્તાધીશ વ્યક્તિ દ્વારા મળેલી રકમ બિન ખર્ચાયેલી હોય.

નિવાસી વ્યકિતગત રોકાણકારોને ફોરેન એકસચેન્જ સુવિધામાં વધુ ઉદારીકરણ માટેનું અન્ય પગલું ભરવામાં આવ્યું છે તે મુજબ ભારતની રહેવાસી વ્યકિતને ભારતની લાયસન્સ ધરાવતી બેંકમાં (જે માન્યતા પ્રાપ્ત ડિલ પણ હોય) ફોરેન કરન્સી એકાઉન્ટ ખોલવાની અને જાળવવાની પરવાનગી આપવામાં આવે છે. આ ખાતું રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક) એકાઉન્ટના નામે ઓળખાશે. ઉપર દર્શાવેલ ક્રમ (i) થી (iv) માં સમાવેશ થતો હોય તેવા નિવાસી લોકો આ ખાતું રાખી શકશે.

અત્યાર સુધી રહેવાસીએ ઉપર દર્શાવેલ સ્ત્રોતમાંથી મેળવેલી 2000 યુએસ ડોલરથી વધુ રકમ પાછી સોંપી તેને રૂપિયામાં પરિવર્તીત કરી દેવી પડતી હતી. આ નવી સુવિધા મુજબ નિવાસી રોકાણકાર ફોરેન એકસચેન્જને રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક) એકાઉન્ટમાં જમા કરાવી શકે છે. પોતાની મરજી મુજબ કોઈપણ ચલણમાં તે રાખી શકે અથવા તેને રૂપિયામાં ફેરવે. રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક) એકાઉન્ટની સુવિધા અગાઉની 2000 યુએસ ડોલર કોઈ પણ ચલણના સ્વરૂપે અથવા / અને ફોરેન કરન્સી ટ્રાવેલર્સ ચેકની સગવડની પુરવણી છે.

રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટીક) એકાઉન્ટનો ઉપયોગ ભારતીય નિવાસી માટે પ્રવર્તમાન ફોરેન એકસચેન્જ રેગ્યુલેશન હેઠળ મંજૂરી પાત્ર હેતુસ કરી શકાય છે. (દા.ત. પ્રવાસ, વિદેશમાં મેડિકલ સારવાર, 5000 યુએસ ડોલર, ડોલર્સ સુધી ભેટ, પ્રત્યક્ષ કે ઈન્ટરનેટ મારફત પુસ્તકોની ખરીદી, વિદેશમાં અભ્યાસ, વગેરે)

ઉપર દર્શાવેલી શરતોને આધીન અપાતી પરવાનગીથી ખોલેલા રેસિડેન્ટ ફોરેન કરન્સી (ડોમેસ્ટિક) એકાઉન્ટમાં કોઈ ચોક્કસ રકમ રાખવાની મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આ એકાઉન્ટનો ચાલુ ખાતાની માફક જ ચેકની સુવિધા સાથે વહીવટ કરી શકાશે.

હાલના ફોરેન એકસચેન્જ રેગ્યુલેશન્સના સુધારાની જરૂરી જાહેરાત અલગથી મોકલવામાં આવી છે. જાહેરાત પ્રસિધ્ધ થવાની બાકી હોય તો આવા ખાતા સત્વરે ખોલવા માટે બેંકની રિજીયોનલ ઓફિસોને પરવાનગી આપવામાં આવે છે.

આ નવી સુવિધામાં પુનઃ ફેરફારો એક વર્ષ પછી કરવામાં આવશે. આ યોજનાનાં ભાવિ સુધારા / ઉદારીકરણ કરવા વિશે અનુભવમાંથી પસાર થયા પછી જ સાચો ખ્યાલ આવે.

પી. વી. સદાનંદ
પ્રબંધક

**પ્રેસ રિલીઝ : 2002-02/462**